Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal Nvo 2019, Year - 6 (79)
www.researchreviewonline.com Paper ID : RRJ000069

# ભારતમાં બાળમજૂરો

રજુકર્તા
ડો. રામ સોંદરવા
વહીવટી મેનેજર, કચ્છ યુનિર્વસિટી, ભૂજ

---

ભારત અનેક પ્રકારની સામાજિક અને આર્થિક વિવિધતા ધરાવતો એક વિશાળ દેશ છે. વિવિધ રાજયોમાં આર્થિક વિકાસનો દર, સાક્ષરતાનું પ્રમાણ, ઉદ્યોગીકરણ વગેરે ઘણી બાબતોમાં તફાવત રહેલો છે. આના પરિણામે જુદા જુદા રાજયોમાં ૧૯૬૧ થી બાળમજૂરોના પ્રમાણમાં પણ સારી પેઠે તફાવત જોવા મળે છે.

ભારતના કેન્દ્ર સરકારના શ્રમસચિવ ડૉ. મિશ્રાનો અંદાજ છે કે ભારતમાં લગભગ ૨૦ લાખ બાળકો જોખમવાળા ઉદ્યોગમાં કામ કરે છે, જેઓ ૧૩ રાજયોના ૧૩૨ જિલ્લાઓમાં કેન્દ્રિત થયેલા છે. આમા આંધ્રપ્રદેશમાં ૧૯.૩૭ લાખ, મહારાષ્ટ્રમાં ૧૨.૯૫ લાખ, ગુજરાતમાં ૧.૩૯ લાખ, રાજસ્થાનમાં ૧.૧૩ લાખ બાળમજૂરો છે. બિહાર, જમ્મુ–કશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, તમિલનાડું અને પશ્ચિમ બંગાળમાં પણ મોટી સંખ્યામાં બાળમજૂરો છે.

દિલીપ શાહ તેમના અગાઉ ઉલ્લેખિત પેપરમાં નોંધ છે કે ભારતમાં બધા રાજયોમાં બાળમજૂરો છે પણ તેની સંખ્યા અને ટકાવારીમાં તફાવત છે. આશ્ચર્યજનક બિના એ છે કે બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ જેવા ગરીબ રાજયો કરતા પણ આંધ્રપ્રદેશમાં બાળમજૂરો સૌથી વધારે છે. આ રાજયમાં કુલ શ્રમદળ અને બાળકોની કુલ વસ્તીની દ્રષ્ટિએ બાળમજૂરોની ટકાવારી અન્ય રાજયો કરતા ઉંચી છે. શ્રી શાહ જણાવે છે તેમ આંધ્રપ્રદેશમાં સૌથી વધુ બાળમજૂરો હોવાના વિવિધ કારણોમાના એક મહત્વના કારણ તરીકે, અધવચ્ચે શાળા છોડી દેવાના ઉંચા પ્રમાણ (HIGH DROPOUT RATE) ને ગણવામાં આવે છે. આંધ્રપ્રદેશમાં થયેલા કેટલાક માઈક્રોલેવલ અભ્યાસો પરથી જણાવ્યુ છે કે ત્યા બંધવા બાળમજૂરો (બોન્ડેડ ચાઈલ્ડ લેબર)ની પ્રથા હજી મોટા પ્રમાણમાં પ્રચલિત છે. દા.ત. ૧૯૯૭નો NLI અભ્યાસ જણાવે છે કે ''હકિકતમાં એવુ જોવા મળ્યુ છે કે આંધપ્રદેશના મેડક (MADAK) જિલ્લામાં જમીનદારો સંપૂર્ણ રીતે બંધવા બાળકોની મજૂરી પર આધારિત છે. પ્રાથમિક શિક્ષણમાં વધારો થાય તો બાળમજૂરી પર નિયંત્રણ આવે છે. એનું ઉદાહરણ કેટલાક રાજયો પુરૂ પાડે છે. કેટલાક રાજયમાં ૯ થી ૧૪ વર્ષની વયજૂથના ૭૭% બાળકો શાળાએ જાય છે અને તેમાં માત્ર ૧૪ ટકાનો ડ્રોપઆઉટ રેઈટ છે. એ જ રીતે પંજાબ અને હરિયાણા જેવા રાજયોમાં કે જયા સારી પેઠે કૃષિ વિષયક વિકાસ થયો છે. ત્યા પણ બાળમજૂરોની ટકાવારી નીચી છે. આ હકિકત સૂચવે છે કે આર્થિક વિકાસની ગતિ વેગીલી બનતા બાળમજૂરીમાં ઘટાડો થયો છે.

## ગુજરાતમાં બાળમજૂરોનું પ્રમાણ :

ગુજરાત એકંદરે બિહાર, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ વગેરે રાજયો કરતા આર્થિક દ્રષ્ટિએ વિકસીત અને સમૃધ્ધ રાજય ગણાય છે. આમ છતાં ગુજરાતમાં બાળમજૂરોની સંખ્યા વિશાળ છે. ગુજરાતમાં અસંગઠિત ક્ષેત્રમાં બાળકો મજૂરી કરે છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં જોખમી અને બિનજોખમી વ્યવસાયોમાં કામ કરતા કુલ ૬,૭૬૯૧૩ બાળમજૂરો છે. ૪ સપ્ટેમ્બર ૧૯૯૮ના દિવસે 'કન્વેશન ઓન ચાઈલ્ડ લેબર' ના ભાગ તરીકે અમદાવાદમાં સમર્પણ વિદ્યાપીઠ ખાતે બાળમજૂરો પર એક

'પબ્લીક હીયરીંગનો કાર્યક્રમ થયો હતો. ૧૯૯૧માં સરકારી આંકડા મુજબ ગુજરાતમાં ૫ થી ૬ લાખ બાળમજૂરોનો આંકડો જણાવવામાં આવે છે. ૬ થી ૧૧ વર્ષની ઉમરના લગભગ ૩૬ લાખ બાળકો શાળાની બહાર છે.

દિપેન્દ્રનાથ દાસ ૧૯૮૧ની વસ્તીગણતરીના આધારે રાજયોમાં બાળમજૂરોની ટકાવરીના આંકડા આપે છે તે અનુસાર ગુજરાતમાં કુલ શ્રમદળમાં ગ્રામિણ વિસ્તારોમાં ૬.૫૧ ટકા બાળમજૂરો હતા. આમા પુરૂષ બાળમજૂરો ૮.૪૫ ટકા અને સ્ત્રી બાળમજૂરો ૪.૩૭ ટકા હતા. ૧૯૬૧ માં કુલશ્રમદળમાં બાળમજૂરોનું પ્રમાણ ૧૩.૮૯% હતું અને ૧૯૭૧માં ૮.૪૮% હતું. જે ઘટીને જાગૃતિનો વિકાસ વગેરે કારણોસર બાળમજૂરોની ટકાવારીમાં ઘટાડો થયો છે. ગરીબ અને પછાત જ્ઞાતિઓમાં ગ્રામિણ વિસ્તારના બાળકો હજી વિશાળ સંખ્યામાં શાળા શિક્ષણથી વંચિત રહે છે એ હકીકત બાળમજૂરોની સંખ્યાકીય વૃધ્ધીમાં મહત્વનું પરિબળ બની રહે છે.માનવીય જીવનમાં બાલ્યાવસ્થા (શૈશવ) એ સુવર્ણકાળ ગણાય છે. બાળકના ચહેરા પરની નિર્દોષતા, રમતિયાળપણુ અને તેનું માસુમ ખિલખિલાટ હાસ્ય સૌને પ્રિય લાગે છે. બાલ્યકાળ એ માણસની જિંદગીનો આરંભકાળ છે.

પોતાની તમામ સંપતિ, પ્રતિષ્ઠા, યુવાની, ધન–દૌલત બધુ કુરબાન કરીને પોતાનું રમતિયાળપણુ પાછુ માંગે છે. વરસાદના પાણીમાં છબછબીયા કરતા અને કાગળની હોડીઓ તરતી મુકીને હસતા–રમતા, ખેલતા–કુદતા ઉછળતા બાળકો જોવા એ પણ એક લ્હાવો છે. એવુ બાળપણ માણવુ એ માણસની જિંદગીનો એક અમુલ્ય અનુભવ છે. કુમળી વયના માસુમ બાળકો શાળા અને રમતના મેદાનના બદલે ખેતરો અને કારખાનામાં મજૂરી કરતા હોય, ફુટપાથ પર બુટપોલિસ કરતા હોય, રેલ્વે–સ્ટેશનો, હોટેલો, રેસ્ટોરન્ટો, લારીઓ, ગલ્લાઓ, રસ્તાઓ પર થોડુક પૈસા મેળવવાની લાલચથી કામ કરતા હોય છે.

**૧) જીવનમાંથી રસ અને આનંદનું લુપ્ત થવું :**

કુમળી વયના બાળકોને પૈસા કમાવા માટે કામ પર ધકેલી દેવા એ તેમના જીવનનો રસ અને આનંદ છીનવી લેવા બરાબર છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમનું બાળપણ છીનવી લેવા બરાબર છે. કાચી ઉંમરે કામ કરવાના કારણે બાળકો થાક અને કંટાળાનો અનુભવ કરે છે. કામ તેમને સજા જેવુ લાગે છે. વેતનીય આર્થિક પ્રવૃત્તિ કરવી એ પુખ્ત ઉંમરના માણસોની ભૂમિકા છે. બાળકોના શરીર અને મનનો હજી પુરતો વિકાસ થયો હોતો નથી. આર્થિક કાર્યો કરવા માટે તેમના શરીર અને મન ઘડાયા હોતા નથી. પરંતુ કુટુંબની ગરીબી, મા–બાપનું દબાણ અને પોતાની આવશ્યકતાઓ સંતોષવા માટે લાચારીથી કામ કરવા જવુ પડે છે. પરિણામે માસુમ ચહેરા પરનું સ્મિત વિલીન થઈ જાય છે. જીવનમાંથી રસ અને આનંદ લુપ્ત થાય છે.

**૨) જીવનનો હેતુ ગુમાવી દેવો :**

માણસનું જીવન અર્થસભર હોય તો જ તેને જીવન જીવવા જેવુ લાગે છે. જયારે બાળમજૂરોની બાબતમાં એવુ જોવા મળે છે કે અર્થ, પૈસા ખાતર તેઓ જીવનનો અર્થ ગુમાવી બેસે છે. મુસ્તફા ૧૨ વર્ષની ઉમરે દિલ્હી રેલ્વે સ્ટેશન પાછળની એક ખુલ્લી ઝૂંપડીમાં તેના કુટુંબ સાથે રહેતી સીમાની લાઈફ સ્ટોરીમાં કહે છે કે આ છોકરીને દિલ્હી રેલ્વે સ્ટેશન પર ૬ થી ૭ કલાક ચીજવસ્તુઓના વેચાણ દ્વારા માત્ર ૮ રૂપિયા મળે છે. ૧૨ વર્ષની ઉમરની આ છોકરી દિવસમાં ૧૧ કલાક કામ કરે છે. ઝૂંપડીમાં આવ્યા પછી સીમાને ઘરમાં રસોઈ, પાણી ભરવું, બળતણ ભેગુ કરવું વગેરે કામો પણ કરવા પડે છે.

**૩) ઘર છોડીને ભાગી જવું :**

બાળમજૂરોના અનેક વ્યકિતગત તપાસના કિસ્સાઓ પરથી જણાયુ છે કે કામનું સતત દબાણ, કામ કરવા માટે બાળકો પર મા–બાપનો ત્રાસ અને મારપીટ, કામ કરીને મળતા પૈસા મા–બાપ દ્વારા લઈ લેવા અને પોતાની જરૂરિયાતો વણસંતોષાયેલી રહેવી વગેરે કારણોસર ઘણા બાળમજૂરો ઘર છોડીને ભાગી જાય છે. મુસ્તફાએ દિલ્લી અને કલકત્તાના બાળમજૂરોની લાઈફ સ્ટોરીના અભ્યાસોમાં આવા કિસ્સા ટાંકયા છે. દિલ્હીના રીયાઝુદીનને એના પિતાએ ૭ વર્ષની ઉંમરે કામે લગાવી દીધો, બીજા ધોરણથી શાળા છોડાવી દીધી. પીતા દ્વારા વધારેને વધારે પૈસાની સતત માંગણીથી કંટાળીને રીયાઝુદીન ઘર છોડીને ભાગી ગયો. ૧૨ વર્ષનો રાજુ દિલ્હીમાં કામ કરવાના સતત દબાણથી ત્રાંસીને ઘર છોડીને ભાગી જાય છે.

**૪) શિક્ષણથી વંચિત રહેવું :**

બાળમજૂરીની સમસ્યા મુખ્યત્વે ગરીબી સાથે સંકળાયેલી છે. સામાજિક અને આર્થિક રીતે પછાતપણુ બાળમજૂરીને ઉત્તેજન આપે છે. કુટુંબની ગરીબી તથા સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત ગણાતી જ્ઞાતિએ દલિતો, આદિવાસીઓ વગેરે સમુદાયોમાં બાળકોને શાળામાં ભણવા મોકલવા એના કરતા કુટુંબના ભરણપોષણ માટે પૂરક આવક મેળવવા કામ પર મોકલવાનું વધારે પસંદ કરવામાં આવે છે તેઓ બાળકોનો ઉપયોગ કમાણીના સાધન તરીકે કરવામાં આવે છે. આ મા–બાપો નિરક્ષર હોવાથી તેમના બાળકોના જીવનમાં શિક્ષણના મહત્વની સમજ ધરાવતા નથી. ગ્રામિણ ગરીબ અને પછાત જ્ઞાતિઓમાં બાળકોને શાળાએ નહી મોકલવાનું અને તેમની પાસે કામ કરવાને ઓછી વત્તી આવક મેળવવાનું વલણ પ્રચલિત છે. આથી મોટાભાગના બાળમજૂરો શિક્ષણ મેળવવાની તકથી વંચિત રહી જાય છે.

**૫) વ્યસન :**

બાળમજૂરો જે વાતાવરણ કે પરિસ્થિતિમાં કામ કરે છે તેમાં તેઓ વ્યસનો તરફ સહેલાઈથી વળી જવાનો સંભવ હોય છે. નિરક્ષરતા અને અજ્ઞાન વ્યસનોને ઉત્તેજન આપે છે. વળી કામના વધુ કલાકો કામનો શારીરિક–માનસિક થાક, માલિકનો દુર્વ્યવહાર અને સોબતની અસરના કારણે બાળમજૂરોમાં ચા, પાન, બીડી, સીગારેટ, તમાકુ, ગુટખા, પાનમસાલા વગેરે વ્યસનોનું પ્રમાણ વ્યાપક રીતે જોવા મળે છે.